# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No: E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. | તા: ૨૦/૧૦/૨૦૧૬

તંત્રી શ્રી, ____________________ | સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ લેઉવા પટેલ સમાજના જયંતિભાઈ બાબરીયાએ તેમના બ્રેનડેડ પત્ની રેખાબેનના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

નામ : રેખાબેન જયંતિભાઈ બાબરીયા ઉ. વ. ૪૨ બ્લડ ગ્રુપ: B+

રહેવાસી : ૭૫, વિશ્વનાથ સોસાયટી, મોટા વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ : ડમરાળા, જી : જુનાગઢ

કૌટુંબિક વિગત : પતિ : જયંતિભાઈ જીવરાજભાઈ બાબરીયા ઉ. વ. ૫૧

બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

પુત્ર : અક્ષય જયંતિભાઈ બાબરીયા ઉ. વ. ૨૦

વાઘોડિયામાં આવેલ પારૂલ કોલેજમાંથી હલમાં ડીપ્લોમાં સીવીલનો અભ્યાસ પૂર્ણ કરેલ છે.

પુત્રી : શિવાની જયંતિભાઈ બાબરીયા ઉ. વ. ૧૫

નાના વરાછામાં આવેલ તપોવન વિદ્યાલયમાં ધોરણ: ૧૧ સાયન્સમાં અભ્યાસ

બનાવની વિગત:

શુક્રવાર તા: ૧૪ ઓક્ટોબર ૨૦૧૬ ના રોજ જયંતિભાઈ તેમના પત્ની રેખાબેન સાથે તેમનાં મિત્રને મળવા ગયા હતા. ત્યાં રાત્રે ૧૧:૨૦ કલાકે, તેઓ વાતો કરી રહ્યા હતા ત્યારે રેખાબેનનું મોઢું અચાનક એક બાજુ ખેંચાવા લાગ્યું અને જમણી બાજુ હાથપગમાં નબળાઈ લાગવા માંડી અને તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ડો. મનોજ સત્યવાણીની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

રવિવાર તા: ૧૬ ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ ન્યુરોસર્જન ડો. અશોક પટેલે ક્રેન્યોટોમી કરી રેખાબેનના મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

બુધવાર તા: ૧૯ ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ ન્યુરોસર્જન ડો. અશોક પટેલ અને ન્યુરોફીજીશ્યન ડો. મનોજ સત્યવાણીએ રેખાબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

ન્યુરોસર્જન ડો. અશોક પટેલે ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રેખાબેન ના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

૨...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી રેખાબેનના પતિ જયંતિભાઈ, પુત્ર અક્ષય, ભાણેજ મહેશ, પરિવારના પ્રવીણભાઈ અને અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

રેખાબેનના પતિ જયંતિભાઈ અને પુત્ર અક્ષય એ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો તમે ઓર્ગન ડોનેશન માટે આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની જયપુર, રાજસ્થાનના રહેવાસી ઇન્દ્રકુમાર રામપાલ કુમાવત ઉ. વ. ૪૦માં અને બીજી કિડની વેરાવળ, ગુજરાતના રહેવાસી મનુભાઈ હમીરભાઈ રાઠોડ ઉ.વ. ૩૪માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર ડાકોરના રહેવાસી કોકીલાબેન ચીમનલાલ પટેલ ઉ.વ. ૬૧માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં રેખાબેનના પતિ શ્રી જયંતિભાઈ, પુત્ર અક્ષય, ભાણેજ મહેશ, પરિવારના પ્રવીણભાઈ અને અન્ય પરિવારજનો, ન્યુરોસર્જન ડો. અશોક પટેલ, ન્યુરોફીઝીશ્યન ડો. મનોજ સત્યવાણી, ઈન્ટેન્ટસીવીસ્ટ ડો. હાર્દિક પટેલ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, નીરવ માંડલેવાલા અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૭૧ કિડની, ૬૧ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૪૮ ચક્ષુઓનો દાન મેળવીને ૩૯૦ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.